ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનીટ્સ–૧/ ૨૦૨૪/ ૫૦૦

તા:–૦૭/૦૩/૨૦૨૪

પ્રતિશ્રી,
તમામ સભ્યશ્રીઓ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય** :– બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ મળેલ મિટીંગની મિનીટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૭/૦૩/૨૦૨૪ ગુરૂવારના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

**કુલસચિવ**

બિડાણ :– મિટીગની મીનીટ્સ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૦૭/૦૩/૨૦૨૪ ગુરૂવારના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીંગની મિનીટ્સ નોંધ

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૪ ના ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની પ્રથમ મિટીંગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહન પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>...............................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ખાલી<br>................................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૬. | ખાલી<br>................................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠકકર<br>ડાયરેકટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. તેજલકુમાર શેઠ<br>કા.કલસચિવશ્રી | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. માનનીય અધ્યક્ષશ્રી દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ પ્રથમ મિટીંગમાં સૌ સભ્યશ્રીઓનો આવકાર.

ઠરાવ નં.૧ **ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ અનુસાર કચ્છ યુનિવર્સિટીના નવરચિત બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ પ્રથમ મિટીંગમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓને અધ્યક્ષ સ્થાનેથી આવકારવામાં આવ્યા. સાથે જ તમામ સભ્યશ્રીઓએ એક જૂટ રહી કચ્છ યુનિવર્સિટીના હિત અને સુચારૂ સંચાલન માટે કામગીરી કરવાનું ઉદ્‌બોધન કર્યુ.**

૨. કે.સી.જીના પત્ર ક્રમાંકઃ કેસીજી/ લીગલ/ ૨૦૨૩–૨૪/ ૨૫૭૮ તા.૩૧/૦૧/૨૦૨૪ વાળા પત્રથી ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સમાં કરવાના થતાં સુધારા–વધારા બાબતે .

**ઠરાવ નં.૨** **ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૩. ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ અન્વયે બનાવવાના થતાં E.C., A.C. તથા અન્ય બોર્ડ/ સમિતિની રચના કરવા બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ નં.૩** **ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ અન્વયે બનાવવાના થતાં E.C., A.C. તથા અન્ય બોર્ડ/ સમિતિની નિયમોનુસાર રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. યુનિવર્સિટીમાં બાહય (External) અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવા બાબત.

**ઠરાવ નં.૪** **યુનિવર્સિટીમાં બાહય (External) અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવા સહર્ષ મંજૂરી આપવામાં આવે છે અને બાહય (External) અભ્યાસક્રમ આગામી વર્ષથી શરૂ કરવા માટે સરકારશ્રીમાંથી મેળવવાની થતી મંજૂરીની આગળની પ્રક્રિયા તાત્કાલિક હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. કેરીયર એડવાન્સમેન્ટ સ્કિમ(સી.એ.એસ.)ની ઈન્ટરવ્યુ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રજૂ કરવામાં આવેલ અહેવાલ બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૫** **અહેવાલ અનુસાર નીચેની યાદી મુજબના અધ્યાપકશ્રીઓના કેરીયર એડવાન્સમેન્ટ સ્કિમ(સી.એ.એસ.) સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

| Sr. No. | Name | Department | Stage |
|---|---|---|---|
| 1 | Dr. K.M. Trivedi | Sanskrit | Stage 4 to 5 |
| 2 | Dr. Subhash Bhandari | Earth & Env. Science | Stage 4 to 5 |
| 3 | Dr. Kashmira Mehta | English | Stage 4 to 5 |
| 4 | Dr. Rajeshkumar Basiya | English | Stage 4 to 5 |
| 5 | Dr. Kalpna Satija | Economics | Stage 4 to 5 |
| 6 | Dr. Pankaj Thaker | Sanskrit | Stage 3 to 4 |
| 7 | Dr. Manisha Barad | Commerce & Management | Stage 3 to 4 |
| 8 | Dr. Jigna Kholiya | Education | Stage 3 to 4 |
| 9 | Dr. Mrugesh Trivedi | Earth & Env. Science | Stage 3 to 4 |
| 10 | Dr. Vijay Ram | Chemistry | Stage 3 to 4 |
| 11 | Dr. Jyotindra Bhatt | Chemistry | Stage 3 to 4 |

૬. સરકારશ્રી દ્વારા ચાલુ નાણાંકિય વર્ષના બજેટમાં કચ્છ યુનિવર્સિટી માટે જુદી –જુદી શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહીના ભાગરૂપ નિયમોનુસાર રોસ્ટર નિભાવવાની કામગીરી તથા જાહેરાત આપવા બાબતે ચર્ચા–વિચારણા.

**નોંધ :–** શૈક્ષણિક – નવી મંજૂર– ૨૩ + ખાલી રહેલ– ૧૫ એમ કુલ મળી– ૩૮ જગ્યાઓ
બિન શૈક્ષણિક – નવી મંજૂર – ૩૦ જગ્યાઓ

**ઠરાવ નં.૬** **મંજૂર થયેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતીની આગળની કાર્યવાહીના ભાગરૂપ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓના નિયમોનુસાર રોસ્ટર નિભાવવાની અને તે અનુસાર જગ્યાઓની ફાળવણીની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે તથા ત્યાર બાદ તે અનુસાર જાહેરાત આપવાની મંજૂરી આપવામાં આવે છે. વધુમાં બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી બાબતે ઉમેરવાનું કે, કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ફરજ બજાવતાં બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં પાંચ (૦૫) વર્ષ ની છૂટ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**વધુમાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘટ હોય તો, તે માટે સરકારશ્રીમાં રજૂઆત કરવી જેથી વધુ સુગમતાપૂર્વક યુનિવર્સિટીનું કામ થઈ શકે.**

૭. ડૉ. જી.એમ.બુટાણી ફરજ મૂક્ત થતાં કુલસચિવની ખાલી પડેલ જગ્યા ભરવા માટે આગળની કાર્યવાહી કરવા તથા કુલસચિવના ચાર્જની સોંપણી બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ નં.૭** **કુલસચિવની ખાલી પડેલ જગ્યા ભરવા માટે આગળની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરાવાની મંજૂરી આપવામાં આવે છે તથા યુનિવર્સિટીના વહિવટી સંચાલન માટે હાલ આ જગ્યા પર અગાઉની સેવાઓને ધ્યાને લેતા અનુભવી વ્યક્તિ ડૉ. અનીલ એચ. ગોર, એસો. પ્રોફેસર, આર.આર. લાલન કોલેજ,ભૂજને ચાર્જ સોંપવાનું તથા નિયમોનુસાર તેઓશ્રીના લીયન માટેની પ્રક્રિયા સત્વરે હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૮. શિક્ષણ વિભાગના તા.૦૬/૧૧/૨૦૨૩ તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૦૯/૦૧/૨૦૨૪ વાળા પત્ર મુજબ (નકલ સામેલ રાખેલ છે.)કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ફરજ બજાવતા નોન ટીચીંગ કર્મચારીઓને રેગ્યુલર પગાર તમામ લાભ સાથે યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચૂકવવા બાબતે.

**ઠરાવ નં.૮** **આવા કર્મચારીઓને બોલાવી તેઓની રજૂઆત ધ્યાને લઈ પગાર સંદર્ભે યોગ્ય તે ઉકેલ કરવો. તેમજ કચ્છ યુનિવર્સિટીના સુચારૂ વહિવટ માટે સર્વે કર્મચારીઓ કામગીરી અંગે વધુ જાગૃત થાય તેવું સૂચન કરવુ. વધુમાં આવા લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓના ભવિષ્યને ધ્યાને લઈ તેઓને કાયમી કઈ રીતે કરી શકાય તે માટે સરકારશ્રી પાસે માર્ગદર્શન મેળવીએ અને વધારાની જગ્યાઓ/ મહેકમ ફાળવવા સરકારશ્રીમાં રજૂઆત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**